નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં.૭૪/૯૯, તા. ૨૭–૯–૯૯ થી ઠરાવ્યા મુજબ, નગર રચના યોજના સુરત નં. ૧૬ (કપાદ્રા) નાં મુળખંડ નં. ૨૦ માંથી પસાર થતાં ૯.૦ મીટરનાં રસ્તાને પશ્ચિમ તરફ ફા. પ્લોટ નં. ૧૯ માં ખસેડી જુના રસ્તાની જગ્યા ફા. પ્લોટ નં. ૧૯ ને ફાળવવા તથા ફા. પ્લોટ નં. ૨૧ ને રસ્તો આપવા વેરીએશન કરવા ઈરાદો જાહેર કર્યો છે. જે મુજબનાં નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ ડીપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, ચોકબજાર, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ચાલુ ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

ઠરાવ :–

મ્યુનિ.કમિશ્નરશ્રીના તા. ૧૮–૪–૨૦૦૦ ના પત્ર નં.સીમીસ/૮/૫ થી વિદિત થઈ, નગર રચના યોજના,સુરત નં.૧૬ (કપાદ્રા) માં વેરીએશન કરવાના સંદર્ભમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ–૭૧ હેઠળ યોજના વેરીડ કરવાની મહાનગરપાલિકાની દરખાસ્તને ગ્રાહય રાખી મુખ્ય નગર નિયોજકશ્રીએ કાયદાની કલમ–૪૧ (૧) હેઠળનું અનુમોદન આપેલ છે. જેથી દરખાસ્તમાં જણાવેલ મુદ્દા નં. ૧ થી ૩ અંગે વેરીએશનની કાર્યવાહી કરવા માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ–૪૧(૨) મુજબ વેરીડ સ્કીમ તૈયાર કરવા ઈરાદો જાહેર કરવાનું, સામેલ અધિસુચન મંજુર કરવાનું, અધિસુચનને બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું તેમજ વેરીડ સ્કીમનો ઈરાદો જાહેર કરી રાજય સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ મ્યુનિ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૪૬/૨૦૦૦ સર્વાનુમતે મંજુર</u>

---

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. ૪૨ (જહાંગીરાબાદ) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨(૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : સુચિત નગર રચના યોજના,સુરત નં. ૪૪ (જહાંગીરાબાદ)ની હદ

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના,સુરત નં. ૨૯ (રાંદેર)ની હદ

પૂર્વે : મુસદ્દારૂપ નગર રચના યોજના,સુરત નં. ૨૯ (રાંદેર) તથા નં. ૩૦(રાંદેર) ની હદ

પશ્ચિમે : મોજે : જહાંગીરાબાદનો બાકીનો વિસ્તાર

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(ગુરૂ પ્રસાદ મહાપાત્ર)<br>કમિશ્નર<br>સુરત મહાનગરપાલિકા

સુરત.<br>તાઃ – –૨૦૦૦

---

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.